| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |


**તા.૦૧/૦૮/૨૦૨૩   મંગળવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૧૨૫૫/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી, ૫૦ વ્યક્તિઓને ઝડપી, ૪૩૪ લીટર દેશી દારૂ, ૧૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ મોતર સાયકલ અને ૪ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૮ કેસ કરી ૨૪ વ્યક્તિઓની અટકાયત કરી રોકડ રૂપિયા ૪૩,૦૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૧૨૫૬/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૪૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ-   સમાચાર યાદી નં.૧૨૫૭/૨૦૨૩

**ઓઢવઃ** અજયસિંહ સુરેશસિંહ સીકરવાર (રહે. ન્યુ ઓમકાર-૧ ટેનામેન્ટ નીરવ ઇન્ટરસીટી સાંઇ ચોક નરોડા) એ તા.૩૧/૦૭/૨૦૨૩ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી (૧) રાજુભાઇ મનહરલાલ સોની (રહે. ઓટામ્બા કો.ઓપ.હાઉસીંગ સોસાયટી ખોડીયારનગર બાપુનગર) (૨) અલ્પેશસિંહ શેખરસિંહ ચૌહાણ (રહે. હરીવીલા ફ્લેટ પાર્શ્વનાથ ટાઉનશીપ કુષ્ણનગર) અને (૩) કીંજલબહેન રોહીતકુમાર પંચાલ (રહે. મારૂતિવિહાર લીલા પાણીના વેરા પાસે અંબિકાનગર ઓઢવ) એ ભેગા મળી ઓઢવ સિધ્ધીવીનાયક આર્કેડ એસ.પી.રીંગરોડ બેંક ઓફ ઇન્ડીયા બ્રાન્ચ ખાતે બેંકમાં ખોટા સોનાના દાગીના મુકી સોનાના દાગીના ઉપર લોન મેળવી લોનની બાકી નિકળતા રૂપિયા ૬,૭૧,૮૬૧/- ભરપાઈ નહી કરી બેંક સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.આર.ક્રિશ્ચન ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યું-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૫૮/૨૦૨૩</u>**

**"કે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** રાણાભાઈ કુવરાભાઈ રબારી (ઉ.વ.૬૫) (રહે.હુડકો ઈંદીરા વસાહત કઠવાડા રોડ દસ્ક્રોઈ અમદાવાદ) તા.૩૧/૦૭/૨૦૨૩ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે સારંગપુર બસ ડેપો પહેલા રોપડાબ્રીજ નીચે વટવા બ્રીજ ક્રોસિંગ પાસે રેલ્વે કી.મી.નં-૪૮૫/૬ થી ૪૮૫/૪ ખાતે ટ્રેઈની અંદર સિક્યુરીટી કેબીન પાસેથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એ એમટીએસ બસ નંબર જીજે ૦૧ કેટી ૧૬૫૪ ના ચાલકે બસ પુરઝડપે અને બેદરકારીથી ચલાવતા બસની ટક્કર વાગતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગેની ફરીયાદ મૃત્યું પામનાર રાણાભાઈ રબારીના પુત્ર વિરમભાઈ રબારીએ "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ ઈ.પો.ઇ.શ્રી બી.એસ.રબારી ચલાવે છે.

**<u>ટ્રેઈનની અડફેટમાં આવી જતા મૃત્યું-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૫૯/૨૦૨૩</u>**

**વટવા જીઆઈડીસીઃ** શૈલેષકુમાર અમાજી ઠાકોર (ઉ.વ.૩૬) (રહે. ઠાકોરવાસ ગામ-ચાંદીસણા તા.માણસા જી-ગાંધીનગર) તા.૩૧/૦૭/૨૦૨૩ કલાક ૮/૦૦ વાગ્યા પહેલા રોપડાબ્રીજ નીચે વટવા બ્રીજ ક્રોસિંગ પાસે રેલ્વે કી.મી.નં-૪૮૫/૬ થી ૪૮૫/૪ ખાતે ટ્રેઈનની અડફેટમાં આવી જતા ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.જે.પરમાર ચલાવે છે.

**<u>અંડર ગ્રાઉન્ડ પાણીની ટાંકીમા ડુબી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૬૦/૨૦૨૩</u>**

**ઈસનપુરઃ** જીજ્ઞાશાબહેન વા/ઓ રાજીવભાઈ આચાર્ય (ઉ.વ.૫૨) (રહે. રણછોડ પાર્ક ઘોડાસર પોસ્ટ ઓફીસની બાજુમાં વૈરાઈ માતાના મંદિર પાછળ ઘોડાસર) તા.૩૧/૦૭/૨૦૨૩ સવારના ૧૦/૩૦ થી બપોરના ૧/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે અંડર ગ્રાઉન્ડ પાણીની ટાંકીમા પડી જતા ડૂબી જતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઈસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.વાઘેલા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૬૧/૨૦૨૩</u>**

**મેઘાણીનગરઃ** વિમલ રાજુભાઇ વાઘેલા (ઉ.વ.૨૯) (રહે.બ્લોક નં ૧૩૫/૩૨૨૬ ગુજરાત હાઉસીંગ બોર્ડ મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૭/૨૦૨૩ કલાક ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રતનસિંહ હરિસિંહ ચલાવે છે.

**બોડકદેવ:** આરતીબહેન પંકજકુમાર પરમાર (ઉ.વ.૨૨) (રહે. જે.બી.આર રેસીડેન્સી સાયન્સ સીટી રોડ સોલા) એ  અગમ્ય કારણસર તા.૩૧/૦૭/૨૦૨૩ કલાક ૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી એસ.એમ.પટેલ ચલાવે છે.

**રિવરફ્રંટ વેસ્ટ:** મુકેશ શંકરભાઇ પરમાર (ઉ.વ.૨૩) (રહે. બેતાલીસની ચાલી ખોડીયારનગર બહેરામપુરા દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૭/૨૦૨૩ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે આંબેડકરબ્રિજ તથા વાસણા બેરેજ વચ્ચે રિવરફ્રન્ટ સીડી નંબર-૪૨ પાસે વોક-વે નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પરેશકુમાર કાનજીભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી